# મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રે 2020માં ભારત ચાઈનાને પાછળ છોડશે















ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી ગાંધીનગરનો ચોથો પદવીદાન સમારંભ પાલેજ ખાતેના નવા કેમ્પસ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં બીટેક, એમએસસી, એમટેક, જેવા વિવિધ કોર્ષના ૧૭૩ સ્ટુડન્ટસને ડીગ્રી એનાયત કરાઈ હતી. પદવીદાન સમારંભના મુખ્ય મહેમાન તરીકે ભારતના મેન્યુફેક્ચરીંગ ઉદ્યોગના ઉદ્યોગપતિ બાબા સાહેબ નિલકંઠ કલ્યાણીએ હાજર રહીને સ્ટુડન્ટસને મોટીવેશનલ સ્પીચ આપી ભવિષ્યના ઉદ્યોગ જગતનો ચિતાર સ્પષ્ટ કર્યો હતો. આ અંગે નિલકંઠ કલ્યાણી કહે છે કે ભારતની કુલ વસ્તીમાંથી ૬૦ ટકા લોકો ૩૫ વર્ષથી ઓછી વય ધરાવતા યંગસ્ટર્સ છે. આ યંગસ્ટર્સ ભારતને ગ્લોબલ લેવલ પર લઈ જવા માટે ખૂબ મહત્વની ભૂમિકા ભજવી શકે છે.

આ યંગસ્ટર્સને ઘડવાનું કામ ભારતની આઈઆઈટી જેવી ટોચની એજ્યુકેશન ઇન્સ્ટિટ્યૂટ કરે છે. ઉદ્યોગજગતની વાત કરીએ તો ભારત મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રે ઝડપી વિકાસ સાધી રહ્યું છે. જો ભારતનો આ વિકાસ યથાવત રહે તો મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રે ચાઈનાને પણ ૨૦૨૦માં પાછળ રાખી દેશે.